Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય દ્વારા વાંચકોને મળતી સેવાઓ અને સુવિધાઓ: એક અધ્યયન

**ભાવિકા કડીકર**

રીસર્ચ સ્કોલર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન,

સુરેન્દ્રનગર યુનિવર્સિટી, વઢવાણ

**સારાંશ:**

ઈ.સ.૧૯૨૦ માં અમદાવાદ ખાતે ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના થઈ. જે આજે પણ વિદ્યાર્થીના ચારિત્ર્ય ઘડતર સાથે શિક્ષણ પ્રદાન કરી રહી છે. જેમાં વિનીમય, પારંગત, અનુપારંગત, વિદ્યાવાચસ્પતિ સુધીના અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. સંશોધનક્ષેત્રે કારર્કીદી બનાવતા સંશોધનો, વિદ્યાર્થીઓ અને અન્ય વાંચકોને વાંચનને લગતા ઉત્કૃષ્ટ માહિતીસ્રોતો પુરા પાડવા માટે થઈને અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠ ખાતે સાવર્જનિક ગ્રંથાલય ઊભુ કરવામાં આવ્યુ છે. આમ, વાંચકોને ઉચ્ચકક્ષાના અદ્યતન માહિતીસ્રોતો આપવામાં આ ગ્રંથાલય દ્વારા કેવી કેવી સેવાઓ અને સુવિધાઓ આપવામાં આવે છે ? તેમજ ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયની આ સેવાઓ અને સુવિધાઓ દ્વારા વાંચકો સંતુષ્ઠી ધરાવે છે કે કેમ ? માનવને જરૂરી અન્ય સુવિધાઓ ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય ખાતેથી મળી રહે છે કે કેમ ? વગેરે ને અનુલક્ષીને પ્રસ્તુત શોધપત્ર તૈયાર કરવામાં આવ્યું છે.

**ચાવીરૂપ શબ્દો:** ગૂજરાત વિદ્યાપીઠ, ગ્રંથાલય, સેવાઓ અને સુવિધાઓ

## ૧ પ્રસ્તાવના

ભારતને આઝાદ કરાવવામાં ઘણાં આંદોલનો અને સત્યાગ્રહો થયેલા છે. જેમાં આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ આંદોલનોને નવું સ્વરૂપ આપ્યું, તેમણે આંદોલનને સત્યાગ્રહ નામ આપ્યું હતું અને સત્યાગ્રહ કરનાર અથવા તેમાં જોડાનારને સત્યાગ્રહી. આવા સત્ય અને અહિંસાની રાહ પર રહી સત્યાગ્રહ કરી શકવાના ઉદ્દેશ્યથી તથા સ્વદેશી શિક્ષણ, પ્રાર્થના, ખાદી અને સમુહજીવનથી વિદ્યાર્થીના ચરિત્રનું ઘડતર કરવા ઈ.સ.૧૯૨૦ માં અમદાવાદ ખાતે ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી. આજે પણ વિદ્યાર્થીના ચારિત્ર્ય ઘડતર સાથે ગૂજરાત વિદ્યાપીઠ ઉચ્ચ શિક્ષણ પ્રદાન કરી રહી છે. જેમાં વિનીમય, પારંગત, અનુપારંગત, વિદ્યાવાચસ્પતિ સુધીના અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે (શાહ, ૨૦૧૯: ૨૧-૨૪). ગૂજરાત વિદ્યાપીઠના અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને અન્ય વાંચકોને પાઠ્યસામગ્રી પ્રદાન કરવા વિદ્યાપીઠના પ્રાંગણમાં ઉચ્ચકક્ષાના ગ્રંથાલયનું નિર્માણ પણ કરવામાં આવેલું છે. આ ગ્રંથાલય ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપનાથી માંડીને આજ દિન સુધી વાંચકોને અદ્યતન સેવાઓ અને બુનિયાદી સુવિધાઓ પ્રદાન કરી રહ્યું છે. આમ, ગૂજરાત વિદ્યાપીઠ

ખાતે કાર્યરત ગ્રંથાલય પોતાના વાંચકોને જે જે સેવાઓ અને સુવિધાઓ આપે છે તેના પર સંશોધન કરવા વિચાર્યું.

## ૨ સંશોધન સંબંધિત સાહિત્યની સમીક્ષા

- **પારેખ, યોગેશ આર. (૨૦૧૦),** પ્રસ્તુત સંશોધનમાં ઉત્તર ગુજરાત અને રાજસ્થાન રાજ્યનાં યુનિવર્સિટી ગ્રંથાલયોની માહિતી સેવાઓનો તુલનાત્મક અભ્યાસ હાથ ધરેલ છે. જેમાં ગુજરાત રાજ્યના નવ અનુદાનિત અને રાજસ્થાન રાજ્યનાં આઠ યુનિવર્સિટી ગ્રંથાલયોનો સંશોધનમાં સમાવેશ કરેલ છે. બન્ને યુનિવર્સિટી ગ્રંથાલયોની સેવાઓના તુલનાત્મક અભ્યાસમાં આંતર ગ્રંથાલય સેવાઓ, પ્રતિનિર્માણ સેવા, ઓનલાઈન સેવાઓ, કમ્પ્યૂટરનો ઉપયોગ, સંદર્ભ સહભાગી સેવાઓ, ટેક્નોલોજીનો ઉપયોગ અને તેને આધારિત સેવાઓ, અન્ય ગ્રંથાલયી સેવાઓ વગેરેનો અભ્યાસ આ સંશોધનમાં જોવા મળે છે.
- **પંચાલ, જીગીત્સા એ, (૨૦૦૯),** પ્રસ્તુત સંશોધનમાંથી ગ્રંથાલય સેવાઓ અને સુવિધાઓને લગતી વિષયલક્ષી માહિતી મળી રહે છે તથા ઉપરોક્ત તપાસ નિબંધના તારણમાં ૯૮% થી ૧૦૦% ઉપભોક્તાઓ ગ્રંથાલયની સેવાઓ તથા માહિતીસ્ત્રોતોથી સંતોષ છે તેમ જણાય છે. ઉપરાંત મોટા ભાગના ઉપભોક્તાઓને પોતાના સંશોધન વિષય તથા રસના વિષયને લગતી માહિતી જે તે ગ્રંથાલયમાંથી મળી રહેતી હોય તેમ પ્રસ્તુત અહેવાલમાંથી જાણવા મળે છે.
- **વાસણાવાળા, કુમુદબેન,** આ સંશોધનમાં કુમુદબેનએ ગુજરાત યુનિવર્સિટીમાં અનુસ્નાતકના અધ્યાપકોને તેમના વાંચનરસ, સંશોધનકાર્ય, ગૃહકાર્ય, વગેરે માટે જે જે માર્ગદર્શન અને સહકાર આપવામાં આવે છે, તેમાં મોટા ભાગના અધ્યાપકો સંતુષ્ટ જણાય છે. આમ, આ તપાસમાં સંશોધકના વિષયને અનુરૂપ હોઈ તેનો અભ્યાસ કરી તેની સંશોધન પદ્ધતિ અપનાવવામાં આવી છે.
- **કાનડિયા, ડો. પ્રયતકર (૨૦૨૦),** ‘માહિતી પદ્ધતિઓ’ શીર્ષકના આ પુસ્તકમાં કાનડિયા સાહેબે માહિતીની વ્યાખ્યાઓ, તેની પરિભાષાઓ, માહિતીના પ્રકારો, વગેરે જેવી ઉચ્ચકક્ષાની માહિતી

આપતો અભ્યાસલક્ષી માહિતીસ્રોત તૈયાર કરેલો જણાય છે. જેમાં માહિતી પ્રાપ્તિ અને માહિતીની જરૂરિયાતોના સંદર્ભમાં વાંચકોની માહિતી જરૂરિયાતોને સમજવામાં ગ્રંથાલયોની ભૂમિકાને લગતી ઉત્કૃષ્ટ માહિતી પુરી પાડી છે. જે આ સંશોધનમાં માહિતીની જરૂરિયાત સમજવામાં અગત્યની રહી છે. સાથે સાથે ગ્રંથાલય સંચાલન વિષે ઉચ્ચકક્ષાનું જ્ઞાન પ્રસ્તુત પુસ્તકમાં પિરસવામાં આવેલું હોય તેમ જણાય છે.

## ૩. સંશોધનના હેતુઓ

સાર્વજનિક ગ્રંથાલય તરીકે ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય પર સંશોધન કરવામાં આવી રહ્યું હોય ત્યારે તે માટેના હેતુઓ પણ તે કક્ષાના જ હોવાના. જે નીચે રજૂ કરવામાં આવ્યા છે.

- ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયના વિભાગો અને તેના કાર્યોની તપાસ કરવી.
- ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયના વાંચકોને મળતી સેવાઓ અને સુવિધાઓનો અભ્યાસ કરવો.
- આજના વાંચકવર્ગની જરૂરિયાત અને ગ્રંથાલય દ્વારા તેઓ સંતુષ્ટ છે કે કેમ, તે તપાસવું.

## ૪. સંશોધનની પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન માટે લોક સંપર્ક અને પશ્નાવલી પદ્ધતિનો ઉપયોગ વિષેશરૂપે કરવામાં આવ્યો છે. જેમાં ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયના વાંચકો એટલે કે વપરાશકર્તાઓના સર્વેક્ષણ સંદર્ભે પ્રશ્નાવલીઓ ગુગલ ફોર્મ દ્વારા ૧૯૦થી પણ વધુ ઉત્તરદાતાઓને મોકલવામાં આવી હતી. જેમાંથી ૭૮ એટલે કે કુલ પ્રશ્નાવલીના ૪૧% પ્રશ્નાવલી પરત આવેલ છે, જેમાંથી મોટાભાગની વિગતો ભરેલી વિષયલક્ષી જોવા મળે છે, જ્યારે ૧૧૨ પ્રશ્નાવલીઓ અધુરી વિગત વાળી પ્રાપ્ત થયેલ છે. આ ૧૧૨ પ્રશ્નાવાલીઓનું પૃથક્કરણ અને અર્થઘટન સંશોધક દ્વારા કરવામાં આવેલ નથી.

## ૫. ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયની સંરચના

શરૂઆતમાં ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયનું નિર્માણ નાના તબક્કે કરવામાં આવ્યું હતું. સમયની સાથે સાથે તેના નિર્માણમાં વિકાસ થયેલો જોવા મળે છે. ૧૯૪૭થી આ ગ્રંથાલયમાં સરકારી ગુજરાતી કોપીરાઇટ

સંગ્રહ વિભાગ ઉમેરાયો, ત્યાર બાદ રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય તરીકે તેને જવાબદારી સોંપાઈ. આ ગ્રંથાલયનું બિલ્ડીગ મજબુત આર.સી.સી. ફ્રેમવાળી ભુર્ગભ, પ્રથમ અને દ્વિતિય એમ કુલ ત્રણ માળનું આશરે ૬૬૭૦ સ્ક્વેર મીટરમાં ફેલાયેલું જોવા મળે છે. તેના દરેક માળની ઊંચાઈ લભગભ ૫ મીટર રાખવામાં આવેલી છે. આ ત્રણેય માળમાં ખાસ વાંચન માટે ૩૫૦થી વધુ વાંચકો બેસીને વાંચનનો આનંદ માણી શકે તેવી વ્યવસ્થા વાંચનલયમાં આવેલી છે (શાહ, ૨૦૧૯: ૧૪-૨૨).

## ૬. ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયનું ગ્રંથસંગ્રહ

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયમાં ડિસેમ્બર ૨૦૧૪ પ્રમાણે ૫ લાખથી વધુ પુસ્તકો, ૩૦ હજારથી વધુ બાળકોને લગતું સાહિત્ય, વર્તમાનપત્રો, શોધ નિબંધો વગેરે સંગ્રહ છે, તેની ભાષાવાર ગ્રંથો, સામયિકો, શોધ નિબંધો વગેરેની વિગત નીચે પ્રમાણે છે:

**કોષ્ટક: ૧ ગૂજરાત વિદ્યાપીઠમાં સંગ્રહીત પુસ્તકો દર્શાવતું કોષ્ટક**

| વિગત | ગુજરાતી | હિન્દી | અંગ્રેજી | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|
| પુસ્તકો | ૨૩૯૬૭૫ | ૮૮૦૦૫ | ૨૧૦૮૧૫ | ૧૫૯૨૫ | ૫૫૪૪૨૦ |
| બાળવિભાગના પુસ્તકો | ૨૨૫૦૨ | ૪૬૧૯ | ૩૬૭૪ | ૪૬ | ૩૦૮૪૧ |
| ભેટના પુસ્તકો | ૩૪૨૩ | ૨૬૨૬ | ૪૯૬૫ | ૮૮ | ૧૧૧૦૨ |
| **કુલ** | **૨૬૫૬૦૦** | **૯૫૨૫૦** | **૨૧૯૪૫૪** | **૧૬૦૫૯** | **૫૯૬૩૬૩** |

**કોષ્ટક: ૨ ગૂજરાત વિદ્યાપીઠમાંના સામયિકો તથા સમાચારપત્રો દર્શાવતું કોષ્ટક**

| વિગત | ગુજરાતી | હિન્દી | અંગ્રેજી | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|
| સામયિકો | ૫૦ | ૪૦ | ૧૨૨ | ૦ | ૨૧૨ |

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

| | | | | | |
|---|---|---|---|---|---|
| બાળવિભાગના સામયિકો | ૫ | ૨ | ૫ | ૦ | ૧૨ |
| વર્તમાનપત્રો | ૧૯ | ૬ | ૧૩ | ૦ | ૩૮ |
| **કુલ** | **૭૪** | **૪૮** | **૧૪૦** | **૦** | **૨૬૨** |


**કોષ્ટક:૩ ગ્રંથાલયમાં સંગ્રહીત શોધ નિબંધો દર્શાવતું કોષ્ટક**

| શોધનિબંધો | એમ.એ. | એમ.ફિલ. | પીએચ.ડી. | કુલ |
|---|---|---|---|---|
| | ૬૬૯૭ | ૧૦૬૪ | ૩૫૦ | ૮૧૧૧ |

વિશેષમાં ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયમાં ડિસમ્બેર ૨૦૧૪ પ્રમાણે ૧૨૪૬૦૦ જેટલા કોપીરાઇટના પુસ્તકો, ૧૦૬૯ સીડી-ડીવીડી તથા ૬૯૧ જેટલા ડિજિટલ અને અન્ય પ્રકારના હસ્તપ્રતો સંગ્રહીત છે (વિવરણિકા, ૨૦૧૪).

## ૭. ગ્રંથાલયમાંથી માહિતીસ્રોતોની જરૂરિયાત અંગેનું વિવરણ

પ્રાપ્ત માહિતી પરથી ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયના વાંચકોને પોતાના અભ્યાસ કે અન્ય કામ માટે ગ્રંથાલયમાંથી માહિતીસ્રોતોની જરૂરિયાત જણાય છે કે કેમ તે દર્શાવતો ગ્રાફ નીચે મુજબ છે.



**ગ્રાફઃ ૧ ગ્રંથાલયમાંથી માહિતીસ્ત્રોતોની જરૂરિયાત દર્શાવતો ગ્રાફ**

ઉપરોક્ત ગ્રાફ પરથી સ્પષ્ટ થાય છે કે ૭૮માંથી ૭૭ એટલે કે ૯૯% વાંચકોને ગ્રંથાલયમાંથી માહિતીસ્ત્રોતોની જરૂરિયાત જણાય છે, જ્યારે ૧% વાંચકને એવી જરૂર જણાતી નથી.

## ૮. ગ્રંથાલયમાં મળતી સેવાઓ અને સુવિધાઓનું વિવરણ

વાંચકો દ્વારા પ્રાપ્ત માહિતી પરથી ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય દ્વારા વાંચનને મળતી સેવાઓ અને સુવિધાઓ અંગેની સંખ્યાકીય માહિતી આપતું કોષ્ટક નીચે મુજબ છે.

**કોષ્ટકઃ ૪ ગ્રંથાલયમાં મળતી સેવાઓ અને સુવિધાઓ દર્શાવતું કોષ્ટક**

| સેવા અને સુવિધા | હા | ના |
|---|---|---|
| સંદર્ભ સેવા | ૭૦ | ૮ |
| ફોટોકોપી (ઝેરોક્ષ) | ૭૮ | |
| આંતર ઉધ્ધરણ સેવા | ૧૦ | ૬૮ |
| તકનીકી સેવા | ૧૮ | ૬૦ |
| ગ્રંથાલય વિસ્તરણ | ૧૪ | ૬૪ |
| રીડીંગ કોર્નર | ૭૬ | ૨ |
| જુના પુસ્તક વેચાણ સેવા | ૬ | ૭૨ |
| જુના સામયિક વેચાણ સેવા | ૧ | ૭૭ |
| ફરિયાદ નિવારણ | ૭૬ | ૨ |
| ફરતું ગ્રંથાલય | | ૭૮ |
| શૈક્ષણિક હેતુસર કમ્પ્યુટર | | ૭૮ |
| ટીવી., સીડી/ડીવીડી પ્લેયર | | ૭૮ |

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

ઉપરોક્ત કોષ્ટક પરથી ફલિત થાય છે કે ગૂજરાત વિદ્યાપીઠના ૧૦૦% ઉત્તરદાતાઓ ઝેરોક્ષનો લાભ લે છે, જ્યારે ૧૦૦% વાંચકોને ફરતું ગ્રંથાલય, શૈક્ષણિક હેતુસર કમ્પ્યુટર અને ટીવી., સીડી/ડીવીડી પ્લેયરનો લાભ મળતો નથી.

## ૯. સામાન્ય જરૂરિયાત માટેની સેવાઓ અને સુવિધાઓ અંગેનું વિવરણ

વાંચકો દ્વારા પ્રાપ્ત માહિતી પરથી ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય દ્વારા વાંચકોને મળતી સામાન્ય સેવાઓ અને સુવિધાઓ દર્શાવતો ગ્રાફ આ પ્રમાણે છે.

**કોષ્ટકઃ ૫ સામાન્ય જરૂરિયાત માટેની સેવાઓ અને સુવિધાઓ દર્શાવતું કોષ્ટક**

| સેવા અને સુવિધા | હા | ના |
|---|---|---|
| બેસવા માટે પુરતા પ્રમાણમાં ખુરશી | ૭૬ | ૨ |
| વાંચન માટે પુરતા ટેબલ | ૭૬ | ૨ |
| વાંચનખંડમાં પંખો કે એસી | ૭૬ | ૨ |
| આઈકાર્ડ | ૬૬ | ૧૨ |
| બાઈન્ડીંગની સુવિધા | ૩ | ૭૫ |
| સ્ટેપલર કે પીનની સુવિધા | ૩ | ૭૫ |
| સ્ટેશનરી મટિરિયલ વેંચાણ સુવિધા | | ૭૮ |
| ઈન્ટરનેટ | ૨ | ૭૬ |
| ઝેરોક્ષકોપી કે વિડિયોકોપી | ૭૮ | |
| અમુદ્રિત વાંચન સામગ્રીની કોપી | ૭૫ | ૩ |
| મોબાઈલ અથવા લેપટોપ ચાર્જ કરવા પ્લગ | ૪ | ૭૪ |

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

| | | |
|---|---|---|
| એકલા બેસીને વાંચન કરી શકે તેવી વ્યવસ્થા | ૭૮ | |
| પીવાના પાણીની સગવડ | ૭૮ | |
| પુરુષો માટે બાથરૂપ/ટોયલેટ | ૭૮ | |
| સ્ત્રીઓ માટે બાથરૂપ/ટોયલેટ | ૭૮ | |
| વિહિકલ પાર્કિંગની વ્યવસ્થા | ૭૮ | |
| બેગ મુકવા માટેની વ્યવસ્થા | ૭૮ | |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે બેસવા માટે પુરતા પ્રમાણમાં ખુરશી, વાંચન માટે પુરતા ટેબલ અને વાંચનખંડમાં પંખો અથવા એસી જેવી પાયાની સુવિધાઓ ૯૭.૪% વાંચકોને મળે છે. જ્યારે બાઈન્ડીંગની સુવિધા, સ્ટેપલર કે પીનની સુવિધા, વગેરે જેવી સુવિધાઓ ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય દ્વારા મળતી નથી. વળી એકલા બેસીને વાંચન કરી શકે તેવી વ્યવસ્થા, પીવાના પાણીની સગવડ, પુરુષો માટે બાથરૂપ/ટોયલેટ, સ્ત્રીઓ માટે બાથરૂપ/ટોયલેટ, વિહિકલ પાર્કિંગની વ્યવસ્થા, બેગ મુકવા માટેની વ્યવસ્થા, વગેરે જેવી સુવિધાઓ ૧૦૦% વાંચકોને મળી રહે છે.

## ૧૦. ગ્રંથાલયના વિભાગોના ઉપયોગનું વિવરણ

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયમાં આવેલા વિભાગોનો ઉપયોગ વાંચકો કઈ રીતે કરે છે તે દર્શાવતું કોષ્ટક નીચે પ્રમાણે છે.

**કોષ્ટકઃ ૬ ગ્રંથાલયના વિભાગોના ઉપયોગ દર્શાવતું**

| વિભાગ | હંમેશા | વારંવાર | સામાન્ય રીતે | ક્યારેક | ક્યારેય નહિ |
|---|---|---|---|---|---|
| વાંચનાલય | ૬૫ | ૧૩ | | | |
| સામયિક વિભાગ | ૫૮ | ૧૧ | ૭ | ૨ | |
| બાળકિશોર વિભાગ | ૨ | ૪ | ૧૧ | ૫૫ | ૬ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| સાહિત્ય/નવલકથા વિભાગ | ૪૯ | ૧૪ | ૭ | ૫ | ૩ |
| મુખ્ય ગ્રંથસંગ્રહ વિભાગ | ૬૩ | ૧૫ | | | |
| ગ્રંથ આપ-લે કે ઇસ્યુ વિભાગ | ૫૮ | ૧૧ | ૭ | ૨ | |
| સંદર્ભ વિભાગ | ૫૮ | ૧૫ | ૩ | ૩ | |
| કોપીરાઇટ વિભાગ | ૨ | ૬ | ૧૧ | ૫૧ | ૮ |
| અદેય ગ્રંથ સંગ્રહ વિભાગ | ૨ | ૪ | ૧૫ | ૫૦ | ૭ |
| પુસ્તક ખરીદ અને પ્રોસેસ વિભાગ | ૫ | ૯ | ૧૩ | ૪૬ | ૫ |
| ગાંધી અધ્યયન ખંડ | ૪૮ | ૧૧ | ૧૧ | ૮ | |
| કોમ્પ્યુટર લેબ | ૨ | ૩ | ૯ | ૪૮ | ૧૬ |
| સભ્યપદ વિભાગ | ૫૩ | ૧૧ | | ૧૪ | |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે ૮૩.૩૩% ઉત્તરદાતાઓ વાંચનાલયનો ઉપયોગ હંમેશા કરે છે, જ્યારે ૧૬.૬૬% ઉત્તરદાતાઓ આ વિભાગનો ઉપયોગ વારંવાર કરતા જોવા મળે છે. એટલે કે વાંચનાલય વિભાગનો ઉપયોગ સૌથી વધુ થતો હોય તેમ જણાય છે.

## ૧૧. તારણો

- ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયમાં કુલ ૧૩ વિભાગો દ્વારા વાંચકોને બુનિયાદી સેવાઓ અને સુવિધાઓ મળી રહે છે.
- ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય દ્વારા વાંચકોને કેરીયર અને રોજગારલક્ષી સેવાઓ અને સુવિધાઓ આપવામાં આવે છે.
- ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયથી ૧૦૦% વાંચકોને પુરતી સેવાઓ મળી રહે છે અને વાંચકોને મળતી

સેવાઓ અને સૂવિધાઓથી ૧૦૦% સંતુષ્ટ છે.

- ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયના વાંચકો ત્યાંની સામાન્ય સેવાઓ અને સુવિધાઓથી ७૬% થી ૧૦૦% સંતુષ્ટ છે.

## ૧૨. ઉપસંહાર

આજના ટેક્નોલોજીના યુગ પ્રમાણે ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયની સેવાઓ અને સુવિધાઓને લગતી મોબાઈલ એપ્લીકેશન તૈયાર કરવી જોઈએ. તેના દ્વારા ઈ-બુક્સ, ઈ-મેગેજીન, કેટેલોગ વગેરે જેવી સેવાઓ અને સુવિધાઓ જનમત સુધી પહોચાડવી જોઈએ. દરેક પ્રકારના પુસ્તકાલયો એ ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય પાસેથી પ્રેરણા લઈ પોતાના વાંચકોને બુનિયાદી સેવાઓ અને સુવિધાઓ પ્રદાન કરવી જોઈએ.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

## સંદર્ભ સૂચિ

કાનડિયા, ડો. પ્રચતકર (૨૦૨૦), માહિતી પદ્ધતિઓ અને ઊપજો, અમદાવાદ: ગર્ગ પબ્લિકેશન

પારેખ, યોગેશ આર. (૨૦૧૦), "ગુજરાત અને રાજસ્થાન રાજ્યનાં યુનિવર્સિટી ગ્રંથાલયોની માહિતી સેવાઓનો તુલનાત્મક અભ્યાસ", અમદાવાદ: ગૂજરાત વિદ્યાપીઠ

પંચાલ, જીગીત્સા એ, (૨૦૦૯), 'ગુજરાત રાજ્યના વિશ્વ વિદ્યાલય ગ્રંથાલયોમાં વ્યવસાયિક અને બિન વ્યવસાયિક કર્મચારીગણ દ્વારા ઉપભોક્તાઓને ઉપલબ્ધ થતી માહિતી સેવાઓ, અમદાવાદ: ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, (વિદ્યાવાચસ્પિતિ)

વાસણાવાળા, કુમુદબેન, 'ગુજરાત યુનિવર્સિટીના અનુસ્નાતક કક્ષાના અધ્યાપકોનો વાંચનરસ અને માહિતી પ્રાપ્તિની વર્તણૂક: એક અભ્યાસ' ભાવનગર: ભાવનગર યુનિવર્સિટી, અપ્રકાશિત પીએચડી શોધ-નિબંધ

વિવરણિકા, ૨૦૧૪, ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, અમદાવાદ: ગૂજરાત વિદ્યાપીઠ

શાહ, અનામિક (સંપા), ૨૦૧૯, 'ગૂજરાત વિદ્યાપીઠ વાર્ષિક અહેવાલ-૨૦૧૮-૧૯, અમદાવાદ: ગૂજરાત વિદ્યાપીઠ